➔ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ **"Scholarship" Option** પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃતિ યોજનામાં એપ્લાય થઇ શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

➔ **"Scholarship" Option** પર ક્લિક કર્યા બાદ **"Select Financial Year"** મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કર્યેથી જો વર્ષ ૨૦૧૭-૧૮માં કોઇ શિષ્યવૃતિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓનલાઇન અરજી કરવા માટે **"Select Financial Year"** મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરવાનુ રહેશે.

➔ જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક **"Renewal"** મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી **"Renewal"** બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે અને રીન્યુઅલ માટે જરૂરી એવી ગત વર્ષની માર્કશીટ, ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચ વિગેરે અપડેટ કરી અરજી સેન્ડ કરવાની રહેશે. જો આવકના દાખલાને ત્રણ વર્ષ પૂર્ણ થયેલ હોય કે આવકમાં કોઇ ફેરફાર થયેલ હોય તો તે પણ ફરી અપલોડ કરવાના રહેશે.

➔ જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષ: ૨૦૧૮-૧૯માં ઓટોમેટીક **"Renewal"** મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ **"Request a New Service"** મેનુમાં જઇને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

➔ જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી **"Login"** મેનુ પર ક્લીક કરી **"Citizen Login"**માં જઇ પોતાના **Id-Password**થી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ **"Scholarship" Option** માં જઇ **"Select Financial Year"** મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરી **"Request a New Service"** પર કલીક કરવાનું રહેશે ત્યારબાદ **"SC(Director Scheduled Caste Welfare)"** હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને **Attachment**માં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરવાના રહેશે. તમામ વિગતો અને ડોક્યુમેન્ટ **Upload** અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાઇ ગયા બાદ ફાઇનલ કરી **Submit** કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજને જમા કરાવવાના રહેશે.

## (વિદ્યાર્થીઓ માટે અન્ય સૂચનાઓ)

- ➔ તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે.
- ➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- ➔ પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી **તા.૧૫/૧૧/૨૦૧૮** નિયત થયેલ છે. તે બાબત ધ્યાને લઇ **તા.૧૫/૧૧/૨૦૧૮** સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનામાં **Online** અરજી કરવાની રહેશે.
- ➔ ગુજરાતના મૂળવતની હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય બહાર (**Out State**માં) માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ **Online** જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.
- ➔ જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડ કઢાવી એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ **"(BCK-6.1) Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only)"** યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે. ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે તો તેવા વિદ્યાર્થીની શિક્ષણફી જે તે કોલેજ/સંસ્થાને મળી શકશે નહિ જેની જવાબદારી જે તે વિદ્યાર્થી/સંસ્થાની રહેશે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરતી વખતે પોતાના બેંક ખાતાનો નંબર અને જે બેંક ખાતા નંબર આધાર નંબર સાથે લીંક કરેલ હોય તે એકાઉન્ટ નંબર જ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નાખવાનો રહેશે. બેંકની શાખાનો IFS કોડ પણ ધ્યાન રાખીને નાખવાનો રહેશે. જે વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર/ આધાર નંબર સાથે લીંક ન થયેલ હોય તેને તેની બેંક શાખામાં જઇને આધાર સીડીંગ માટેનું ફોર્મ ભરીને સીડીંગ કરાવવાનું રહેશે. અને બેકનું ખાતુ ચાલુ રહે તથા બેંકના નિયમ મુજબ KYC(KNOW YOUR CUSTMER)ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે.

- ➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે. જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય શાળા / કોલેજ / યુનિવર્સિટીને **Online Send** થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે. અને ત્યારબાદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ અપડેટ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ સીલેક્ટ કરી શક્શે.
- ➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃતિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃતિ માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધીની રાહ ન જોવી સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ જલદી ફોર્મ ભરી દેવા વિનંતી છે.
- ➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની શરૂઆતની તારીખ અગાનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે. અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે.
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે
- ➔ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે.
- ➔ વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

## ( વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો પોતાની સાથે ફરજીયાત રાખીને બેસવું તથા નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ➔ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર **OTP (ONE TIME PASSWORD)** આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ સાથે રાખવાનો રહેશે.
- ➔ વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિત નકલ.
- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો સરકારશ્રીના નિયમ મુજબ ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ
- ➔ બેંક પાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (**IFSC**), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો **Cancel** ચેક અપલોડ કરવો જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (**IFSC**), બેંકની શાખા દર્શાવેલ હોય
- ➔ આધારકાર્ડની નકલ
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ
- ➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- ➔ હાલના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ તારીખ તથા શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની અંદાજીત તારીખ (જે સંસ્થા પાસેથી મળી રહેશે)
- ➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)
- ➔ પાસપોર્ટ સાઇઝનો ફોટો
- ➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- ➔ વિદ્યાર્થીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

**( વિદ્યાર્થીએ ફાઇનલ પ્રિન્ટ આઉટ નીકાળ્યા બાદ તેઓએ અરજીમાં સહી કરીને નીચે મુજબના ડોક્યુમેન્ટ સાથે જે તે શાળા/કોલેજ/સંસ્થામાં જમા કરાવવાના રહેશે )**

- ➔ વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિત નકલ રજુ કરવી.
- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ રજુ કરવી. (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ રજુ કરવી
- ➔ બેંક પાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે રજુ કરવો.
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ રજુ કરવુ.
- ➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર રજુ કરવુ. (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- ➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ રજુ કરવી.
- ➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવુ.
- ➔ વિદ્યાર્થીની(કન્યા)ના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર રજુ કરવુ.
- ➔ જરૂર પડ્યે જિલ્લા અધિકારીશ્રી દ્વારા માંગવામાં આવતા આનુષાંગિક પુરાવા

| અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર (પત્રક-અ) | | | | | |
|---|---|---|---|---|---|
| માત્ર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને **Digital Gujarat Portal** મારફત **Online** અરજી કરવાની થતી યોજનાઓની વિગત | | | | | |
| અ ન | યોજનાનું નામ | કુટુંબની આવક મર્યાદા | કુમાર કે કન્યા માટે | સહાયની વિગત | રીમાર્કસ |
| ૧. | **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| ૨. | **Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only) (BCK-6.1)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- ફ્રીશીપ-કાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે તો વિદ્યાર્થી તથા સંસ્થાને શિષ્યવૃતિ/શિક્ષણફી મળી શકશે નહિ જેની નોંધ લેવી.<br>- સદરહું યોજનામાં શિક્ષણફી કોલેજના ખાતામાં સીધી જમા કરવામાં આવશે જ્યારે અન્ય સહાય વિદ્યાર્થીના ખાતામાં |
| ૩. | **Food Bill Assistance to SC Students (BCK-10)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૧૨૦૦/- માસિક સહાય | - સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવા પાત્ર છે. |
| ૪. | **Fellowship Scheme for M.Phil, Ph.D. for SC Students (BCK-11)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૨૫૦૦૦/- **M.Phil**<br>૩૦૦૦૦/- **P.hd** | - અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર<br>- આ યોજનાનો લાભ **M.Phil/P.hd**માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મહાનિબંધ (થીસીસ) રજુ કરવાની શરતે મળવાપાત્ર થશે. |
| ૫. | **Instrumental Help to SC Students (Medical, Engineering, Diploma Students Only) (BCK-12)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૧૦૦૦૦/- **Medical**<br>૫૦૦૦/- **Engineering**<br>૩૦૦૦/- **Diploma** | - **Medical, Engineering, Diploma**ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. |
| ૬. | **Scholarship/Stipend to SC Students for ITI/Professional Courses (BCK-13)** | શહેરી વિસ્તાર: રૂ. ૧,૫૦,૦૦૦/-<br>ગ્રામ્ય વિસ્તાર: રૂ. ૧,૨૦,૦૦૦/- | કુમાર અને કન્યા | ૪૦૦/- માસિક સહાય | - **ITI**માં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર |
| ૭. | **Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income Between 2.50 to 6.00 Lac) (State Government Scheme)** | રૂ. ૨.૫૦ લાખ થી રૂ.૬.૦૦ સુધી | માત્ર કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |
| ૮. | **Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income More than 6.00 Lac) (State Government Scheme)** | રૂ. ૬.૦૦ લાખથી વધુ | માત્ર કન્યા | માત્ર નિભાવ ખર્ચ મળવાપાત્ર | ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |

નોંધ: વિદ્યાર્થીએ ક્રમનં:૧ તથા ક્રમનં: ૨ પૈકીની કોઇપણ ૧ જ યોજનામાં ઓનલાઇન ફોર્મ ભરવાનુ છે, ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે.)

# ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ (વર્ષ ૨૦૧૮-૧૯)

નિયામક,વિકસતી જાતિ કલ્યાણ

ગુજરાત રાજય

ગાંધીનગર

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.), વિચરતી-વિમુક્ત જાતિ (N.T.D.N.T.) આર્થિક રીતે પછાત વર્ગ (E.B.C.), અને લઘુમતી (MINORITY) ની શૈક્ષણિક યોજનાઓની વિગત**

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક ) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બીસીકે-૭૮ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કન્યા માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૨ | બીસીકે-૧૩૭ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કન્યા માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૩ | બીસીકે-૮૧ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કુમાર માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૪ | બીસીકે-૧૩૮ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કુમાર માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૫ | બીસીકે-૮૦<br>મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ | વાર્ષિક રૂા.૧૦,૦૦૦/- | | રૂા.૨,૫૦,૦૦૦/- | | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો |
| | | | | એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૫,૦૦૦/- | | | | સાધન ખરીદી કરીને બિલ રજુ કરવાનું રહેશે. |
| | | | | ડીપ્લોમા | વાર્ષિક રૂા.૩,૦૦૦/- | | | | |
| ૬ | બીસીકે-૭૯<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ<br>એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૧૨,૦૦૦/- | | રૂા.૨,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો |
| ૭<br>૮<br>૯ | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતી | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ.<br>માસિક રૂા.૪૦૦/- | વાર્ષિક રૂા.૪,૮૦૦/-<br>વાર્ષિક રૂા.૧,૨૫૦/- | | ગ્રામ્યવિસ્તાર<br>રૂા.૧,૨૦,૦૦૦/- | શહેરીવિસ્તાર<br>રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો, ટેકનિકલ અભ્યાસક્રમોની કોલેજો |
| ૧૦ | બીસીકે-૧૩૯<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ.<br>માસિક રૂા.૪૦૦/- | વાર્ષિક રૂા.૪,૮૦૦/-<br>વાર્ષિક રૂા.૧,૨૫૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો, ટેકનિકલ અભ્યાસક્રમોની કોલેજો |

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | |
| ૧૧ | બીસીકે-૯૮<br>એમ.ફીલ, પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | અનુસ્નાતક પછીના કોઇ પણ અભ્યાસક્રમ માટે | એમ.ફીલ માટે વાર્ષિક રૂા.૨૫,૦૦૦/- અને પી.એચ.ડી. માટે વાર્ષિક રૂા.૩૦,૦૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો/ યુનિવર્સીટી |
| ૧૨ | બીસીકે-૮૧ સી<br>ડાં. બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતતિ | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ઓપન યુનિવર્સીટીના અભ્યાસક્રમો | ઓપન યુનિવર્સીટીની શિક્ષણ ફી વધુમાં વધુ રૂા.૨,૫૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | ઓપન યુનિવર્સીટી |
| ૧૩ | બીસીકે-૩૨૫<br>સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સ્વનિર્ભર કોલેજના તમામ અભ્યાસક્રમો | વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/- સુધીની શૈક્ષણિક સહાય | | રૂા.૨,૦૦,૦૦૦/- | | ફકત સ્વનિર્ભર કોલેજ |
| ૧૪ | બીસીકે- ૮૧ એ<br>ભારત સરકારની OBCના વિદ્યાર્થીઓ માટેનીપોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ. | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૃપ-એ | ૭૫૦/- | ૩૫૦/- | રૂા.,૧,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો, સ્વનિર્ભર કોલેજો,<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૃપ-બી | ૫૧૦/- | ૩૩૫/- | | | |
| | | | | ગ્રૃપ-સી | ૪૦૦/- | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૃપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |
| ૧૫ | ડાં. આંબેડકર પોસ્ટ મેટ્રીક આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ | આ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૃપ-એ | ૭૫૦/- | ૩૫૦/- | રૂા.,૧૦૦,૦૦૦/- | | ફકત સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૃપ-બી | ૫૧૦/- | ૩૩૫/- | | | |
| | | | | ગ્રૃપ-સી | ૪૦૦/- | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૃપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |

# વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકોOnline ભરવા અંગેની સુચનાઓ

## ઓનલાઇન ફોર્મ તમામ સૂચનાઓ વાંચ્યા પછી જ ભરવું.

## https://www.digitalgujarat.gov.in

## ( વિદ્યાર્થીએ અરજી કરવાની રીત )

- પ્રથમ વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal** વેબસાઇટ પર **Citizen** તરીકેનવું રજીસ્ટ્રેશનકરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર, **E-mail ID**, મોબાઇલનં તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં **E-mail ID** અને મોબાઇલનં રજીસ્ટ્રેશન વખતે ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું **E-mail ID** અને મોબાઇલનંબર હોવો ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી શિષ્યવૃતિ/સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ હાલતમાં રાખવાનો રહેશે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પુનઃ **Login**કરી પોતાની પ્રોફાઇલ **(My Profile)Update**કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય(જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં શિષ્યવૃતિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય, સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે **Online**અરજી કરેલ હોય, ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃતિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓસીધા અગાઉના **Login ID-Password** વડે જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.
- ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ **"Scholarship" Option** પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃતિ યોજનામાં એપ્લાય થઇ શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.
- **"Scholarship" Option** પર ક્લિક કર્યા બાદ **"Select Financial Year"**મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કર્યેથી જો વર્ષ ૨૦૧૭-૧૮માં કોઇ શિષ્યવૃતિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓનલાઇન અરજી કરવા માટે **"Select Financial Year"** મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરવાનુ રહેશે.
- જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટ્રીક **"Edit"**મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી **"Edit"** બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે અને રીન્યુઅલ માટે જરૂરી એવી ગત વર્ષની માર્કશીટ, ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચ વિગેરે અપડેટ કરી અરજી સેન્ડ કરવાની રહેશે. જો આવકના દાખલાને ત્રણ વર્ષ પૂર્ણ થયેલ હોય કે આવકમાં કોઇ ફેરફાર થયેલ હોય તો તે પણ ફરી અપલોડ કરવાના રહેશે.

- જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષ: ૨૦૧૮-૧૯માં ઓટોમેટ્રીક **"Edit"** મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ **"Request a New Service"**મેનુમાં જઇને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.
- જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન કરી **"Scholarship" Option** માં જઇ**Select Financial Year"** મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરી **Director Developing Caste Welfare** હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને **Attachment**માં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરવાના રહેશે. તમામ વિગતો અને ડોક્યુમેન્ટ **Upload** અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાય ગયા બાદ ફાઇનલ કરી **Submit** કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજને જમા કરાવવાના રહેશે.

## (વિદ્યાર્થીઓ માટે અન્ય સૂચનાઓ)

- તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે.
- હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે **"Instruction"**પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી **તા.**૧૫/૧૧/૨૦૧૮ નિયત થયેલ છે.તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૮સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનામાં **Online** અરજી કરવાની રહેશે.
- ગુજરાતના મૂળવતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓગુજરાત રાજય બહાર (**Out State**માં) માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ **Online** જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.
- વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરતી વખતે પોતાના બેંક ખાતાનો નંબર અને જે બેંક ખાતા નંબરઆધાર નંબર સાથે લીંક કરેલ હોય તે એકાઉન્ટ નંબર જ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નાખવાનો રહેશે.બેંકની શાખાનો IFSકોડપણ ધ્યાન રાખીને નાખવાનો રહેશે. જે વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર/ આધાર નંબર સાથે લીંક ન થયેલ હોય તેને તેની બેંક શાખામાં જઇને આધાર સીડીંગ માટેનું ફોર્મ ભરીને સીડીંગ કરાવવાનું રહેશે. અને બેકનું ખાતુ ચાલુ રહે તથા બેંકના નિયમ મુજબ **KYC(KNOW YOUR CUSTMER)**ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે.
- ➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે.જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય શાળા / કોલેજ / યુનિવર્સિટીને **OnlineSend** થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે. અને ત્યારબાદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ અપડેટ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ સીલેક્ટ કરી શક્શે.
- ➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃતિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃતિ માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધીની રાહ ન જોવી સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ જલદી ફોર્મ ભરી દેવા વિનંતી છે.
- ➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની શરૂઆતની તારીખ અગાનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે. અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે.
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે
- ➔ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિવિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે.
- ➔ વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

## (વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો પોતાની સાથે ફરજીયાત રાખીને બેસવુંતથા નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

- વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલએડ્રેસ હોવું જરૂરી છેજો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર **OTP (ONE TIME PASSWORD)** આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ સાથે રાખવાનો રહેશે.
- વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિતનકલ.
- સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાંપિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો સરકારશ્રીના નિયમ મુજબ ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )
- વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ
- બેંકપાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (**IFSC**), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો **Cancel** ચેક અપલોડ કરવો જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (**IFSC**), બેંકની શાખા દર્શાવેલ હોય
- આધારકાર્ડની નકલ
- ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છેજે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- હાલના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ તારીખ તથા શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની અંદાજીત તારીખ (જે સંસ્થા પાસેથી મળી રહેશે)
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)
- પાસપોર્ટ સાઇઝનો ફોટો
- જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- વિદ્યાર્થીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

**(વિદ્યાર્થીએ ફાઇનલ પ્રિન્ટ આઉટ નીકાળ્યા બાદ તેઓએ અરજીમાં સહી કરીને નીચે મુજબના ડોક્યુમેન્ટ સાથે જે તે શાળા/કોલેજ/સંસ્થામાં જમા કરાવવાના રહેશે )**

- વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિતનકલ રજુ કરવી.

- સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ રજુ કરવી. (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાંપિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )

- વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ રજુ કરવી

- બેંકપાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે રજુ કરવો.

- આધારકાર્ડની નકલ રજુ કરવી.

- ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ રજુ કરવુ.

- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર રજુ કરવુ.(જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છેજે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)

- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ રજુ કરવી.

- જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવુ.

- વિદ્યાર્થીની(કન્યા)ના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર રજુ કરવુ.

Translated Letter

District Deputy Officer
Office of Developing Caste
Bahumadi Bhavan, 6th floor
Rajkot
Date: 06/05/2019

## Circular

Pursuant to the instructions issued by Director of Vikshati Jati Kalyan, Gujarat State, Gandhinagar, the principals of all the universities/colleges/schools of Rajkot district are hereby informed that for the post matric scholarship year 2018-19, any SEBC/NTDNT/MINORITY/ (EBC only govt institution /grant in aid institution are supposed to propose) students pending to apply, then Up to date 31/05/2019 new application can be made through Digital Gujarat Portal and old applications can be submitted from your rank to your I.D. If it is pending, make a note to fulfil the necessary requirements and send the hard copy to the office immediately.

District Deputy Director
Developing caste - Rajkot

To,

(1) Registrar Shri Saurashtra University - Rajkot
Please inform all the colleges under your e-mail/website.
(2) The District Education Officer,
Please inform all the schools under you by email/letter.
(3) Marwari Education Foundation, Morbi Road-Rajkot,
(4) R.K. University, Tramba, Rajkot
(5) Atmiya University, Kalawad Road, Rajkot,
(6) Principal (All Schools/Colleges)

ખાસ જરૂરી

તાત્કાલિક

Digital Gujarat Portal

ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/
જિલ્લા નાયબ નિયામક,
(વિકસતી જાતિની કચેરી)
બ્લોક નં. ૬/૧બહુમાળી ભવન,રાજકોટ
ફોન નં. ૦૨૮૧ ૨૪૪૭૩૬૨
તા: ૦૨/૦૭/૨૦૧૮

પ્રતિ,

રજીસ્ટ્રાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રાજકોટ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી જી.પં રાજકોટ
શાસના અધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ,જેતપુર,ઉપલેટા

વિષય: વર્ષ ૨૦૧૭-૧૮ ઓનલાઇન એરીયર્સ પ્ર-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક યોજના

**DIGITAL GUJARAT PORTAL**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે ડિજીટલ ગુજરાત પોર્ટલ માં વર્ષ-૨૦૧૭/૧૮ ની પ્રિ મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની એરીયર્સ ની કામગીરી માટે પોર્ટલ ઓપન કરવામાં આવેલ છે. વર્ષ-૨૦૧૭/૧૮ ની કામગીરી કરવા માટે DIGITAL GUJARAT PORTAL માં Login થયા બાદ તમામ કક્ષાના Login માં વર્ષ ૨૦૧૭-૧૮ Select કરીને કામગીરી કરવાની રહેશે. જેમાં પ્રાથમિક માધ્યમિક કે પોસ્ટમેટ્રીક ની નવી અરજી થઇ શકશે નહી.પરંતુ પ્રિમેટ્રીકમાં એન્ટ્રી થયેલી અને પ્રપોઝલમાં બાકી રહેલાં વિધાર્થીઓ ની દરખાસ્તો કરી શકાશે. તથા પોસ્ટમેટ્રીકમાં રીટર્ન થયેલી અરજીઓ વિધાર્થીઓ સબમીટ કરી શકશે. (નવી અરજી કરી શકશે નહી.) તેમજ પ્રિન્સીપાલ લેવલ પેન્ડીંગ અરજીઓ High Authority ની Send કરી શકશે.

❖ પ્રિ.મેટ્રીકપ્રાથમિક,માધ્યમિક શાળા તા.૩૧/૦૭/૨૦૧૮ ❖ પોસ્ટ મેટ્રીક કોલેજ / યુનિવર્સિટી તા. ૩૧/૦૭/૨૦૧૮

ઉપરોક્ત સૂચનાઓ જે તે શાળા / કોલેજના Login માં Upload કરેલી છે. પરંતુ એરીયર્સ કામગીરી મોડમામાં મોડી જિલ્લા કક્ષાએ તમામ લેવલે Bill સુધીની કામગીરી તા. ૧૫/૦૮/૨૦૧૮ સુધીની પુર્ણ કરવાની હોય, આપની કક્ષાએથી તમામ શાળા/ કોલેજને જાણ કરી, તેમજ જિલ્લા કક્ષાએ કર્મચારી, અધિકારી એ કરવાની થતી કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

BCK-325 સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં NT/DNT ની શિષ્યવૃતિ મંજૂર કરતી વખતે વિધાર્થીની હાર્ડકોપી કોલેજ મારફતે મેળવી વાર્ષિક ફી ની ખરાઇ કરી, Fresh પ્રથમવાર ની અરજી ને પૂરેપૂરી મળવાપાત્ર શિષ્યવૃતિતથા અગાઉ BCK-81 A , BCK-81, BCK-78 , BCK-137, BCK-138, હેઠળ શિષ્યવૃતિ મેળવેલ હોય તો તેટલી રકમ મળવાપાત્ર રકમમાંથી બાદ કરી આ યોજનાની અરજી મંજુર કરવાની કામગીરી કરવાની રહેશે.

આ કામગીરી ને ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) રાજકોટ

Translated Letter

Quite Essential
Urgent

Digital Gujarat Portal

No./Vijak/Education/2018-19/
District Deputy Director.
(Office of developing caste),
Block no. 6/ Bahumadi Bhavan,
Rajkot,
Phone no. 0281 2447362
Date: 02/07/2018

To,
Registrar Saurashtra University Rajkot
District Education Officer Rajkot
District primary Education Officer Rajkot (D.P Rajkot)
Ruler officer, City Primary Education Committee Rajkot, Jetpur, Upleta.

Subject: Year 2017 18 Arrears Online Prometric Post Matric Scheme
Digital Gujarat Portal

Sir,

According to the above topic, the portal has been opened in the Digital Gujarat Portal for the operation of the arrears of the pre-matric and post-matric scholarship scheme of the year-2017/18. The year 2017-18 has to be selected and done. In which new application of primary secondary or post-matric cannot be made. But the proposals of the students who have entered in pre-matric and are pending in the proposal can be made and the students can submit the returned applications in post-matric. (Can not make new application.) Also, principal level pending applications can send to High Authority.

Pri.metric Primary, Secondary School Dated 31/07/2018 Post Matric College/University Dated 31/07/2018

The above instructions are uploaded in the login of that school / college. But the arrears operation at all levels to the district level up to Bill to be completed latest by 15/08/2018, all the schools and colleges from your level are informed, as well as the employees, officers at the district level are hereby informed to complete the work to be done within the time limit.

BCK-325 self-finance college while sanctioning scholarship of NT/DNT student's hardcopy of annual fee obtained through college must be supervised, fresh first time application available scholarship before BCK-81_A. BCK-81. BCK-78. If BCK-137 BCK-138, 3rd obtained then that amount has to be deducted from the amount to be received and approval of this scheme has to be done.

This operation is requested to be given top priority.

District Deputy Director
(Developing caste), Rajkot

ખાસ જરૂરી
તાત્કાલિક
**Digital Gujarat Portal**

ક્રમાંક/ વિજાક/ શિક્ષણ / ૨૦૧૭-૧૮ / ૩૨૦૬ – ૩૨૩૯
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ
બ્લોક નં-૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૫૩૨૪૫ થી ૫૩૨૪૭
Email-ddcw-minority@gujarat.gov.in
તા. ૨૬/૦૯/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.) ..........................................
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (વિ.જા.) ..........................................

વિષયઃ- ભારત સરકાર / રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ Digital Gujarat Portal પર વર્ષ ૨૦૧૭-૧૮થી Online કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ દ્વારા જિલ્લા કક્ષાએથી અમલમાં હોય, તેવી યોજનાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), વિચરતી-વિમુક્ત જાતિ (NT/DNT), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), લઘુમતિ (Minority) પછાત વર્ગોની ભારત સરકારની અને રાજ્ય સરકારની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓમાં સરકારી આઇ.ટી.આઇ.ના અભ્યાસક્રમો, ધોરણ-૧૧,૧૨, ડીપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક, પીએચડી મેડીકલ, એન્જીનીયરીંગના વ્યવસાયિક અભ્યાસક્રમો જેવા તમામ અભ્યાસક્રમો કે જે ધોરણ-૧૦ પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો માટેની કુલ – ૧૭ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની યોજનાઓ વર્ષ ૨૦૧૭-૧૮થી **Digital Gujarat Portal** પર તા.૧૬-૦૯-૨૦૧૭થી વિદ્યાર્થીઓને **Online** અરજીઓ કરવા ઉપલબ્ધ કરાવેલ છે. આ અરજીઓ મેળવવા અંગે વડી કચેરીએથી માહિતી ખાતાને જાહેરાત આપવામાં આવેલ છે. જેની જાણ જિલ્લા કક્ષાએ જાહેરાતની નકલ સહિત પત્ર નં- વિજાક/ શિક્ષણ / ૨૦૧૭-૧૮ / ૩૦૫૭-૩૦૯૦ તા.૨૧/૦૯/૨૦૧૭થી કરવામાં આવેલ છે. પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના (નીચે જણાવેલ લીસ્ટ પ્રમાણે) માટે વર્ષ ૨૦૧૭-૧૮થી https://www.digitalgujarat.gov.in પર Online કરી તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં સબંધિત યોજનાના જે તે અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૧૭-૧૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે Online અરજીઓ કરવા જણાવેલ છે. જેના અનુસંધાને નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા.ગાંધીનગર દ્વારા તા.૧૯-૦૯-૨૦૧૭ના પત્રથી ઇ-જ્ઞાન પોર્ટલ પર તથા સબંધિતોને જાણ કરેલ છે. (નકલ આ સાથે સામેલ છે.)

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની **Online** કરેલ ૧૭ યોજનાઓમાં સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ વિગેરેને આપના જિલ્લાની ઉપરોકત સબંધિત શૈક્ષણિક સંસ્થાઓ જે તે જાતિના વિદ્યાર્થીઓને લાગુ પડતી જે તે યોજનાઓ માટે Online અરજીઓ થાય અને તેમાં શૈક્ષણિક સંસ્થાનો પુરતો સહયોગ મળે તે માટે જિલ્લા કક્ષાએથી વિગતવાર દરેક સંસ્થાઓને પરિપત્ર દિન-૦૫ માં કરી, વડી કચેરીને જાણ કરવાની રહેશે. તેમજ ટૂંક સમયમાં પોસ્ટ મેટ્રીક યોજનાઓનું કામ કરતાં કર્મચારીને તાલીમ માટેનું પણ આયોજન કરવામાં આવશે. જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે જે યોજનામાં સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ / કોલેજો લાગુ પડે છે. તે સિવાયમાં તમામ યોજનામાં સરકારી અને અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓ ગણવાની રહેશે.

➢ યોજનાઓની વિગત નીચે મુજબ છે .

| ક્રમ | યોજનાઓ | જાતિ | અભ્યાસક્રમ | વાર્ષિક આવક | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | બીસીકે-૭૮, કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.), | S.E.B.C કન્યાઓ | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | આવક મર્યાદા નથી. | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૨. | બીસીકે-૧૩૭ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત) | NT/DNT કન્યાઓ | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | આવક મર્યાદા નથી. | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૩. | બીસીકે- ૮૧ એ ભારત સરકારની બક્ષીના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ. (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર-કન્યા | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | રૂ.૧,૦૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૪. | બીસીકે-૭૯ મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર-કન્યા | મેડીકલ, એન્જીનિયરીંગના કોલેજ સલગ્ન છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓ | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૫. | બીસીકે-૮૦ મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર-કન્યા | મેડીકલ, ડીગ્રી એન્જિનિયરીંગ, ડીપ્લો ઇજનેરી પ્રથમ વર્ષ | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૬. | બીસીકે-૮૧ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/- શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, કોલેજો |
| ૭. | બીસીકે-૧૩૮ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત) | NT/DNT કુમાર | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/- શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, કોલેજો |
| ૮. | બીસીકે-૩૨૫ સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય (વિચરતી વિમુક્ત) | NT/DNT કુમાર-કન્યા | સ્નાતક, અનુ સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો | રૂ.૨,૦૦,૦૦૦/- | ફકત સ્વનિર્ભર કોલેજો |
| ૯. | બીસીકે-૯૮ એમ.ફીલ, પી.એચ.ડીના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | એમ.ફીલ, પી.એચ.ડી. મહા નિબંધ | રૂ.૪૫,૭૬૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૧૦. | બીસીકે-૮૩ તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | સરકારી આઇ.ટી.આઇ. તમામ ટ્રેડ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/- શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |

| ક્રમ | યોજનાઓ | જાતિ | અભ્યાસક્રમ | વાર્ષિક આવક | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧૧. | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (આ.પ.વ.) | E.B.C. | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |
| ૧૨. | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (લઘુમતિ) | Minority | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |
| ૧૩. | બીસીકે-૧૩૭<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (વિચરતી વિમુક્ત) | NT/DNT | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |
| ૧૪. | બીસીકે-૮૨<br>ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક શાળા |
| ૧૫. | બીસીકે-૮૨<br>ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (આ.પ.વ.) | E.B.C. | | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક શાળા |
| ૧૬. | બીસીકે-૮૨<br>ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (લઘુમતિ) | Minority | | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક શાળા |
| ૧૭. | બીસીકે-૮૧ સી<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | ડીસ્ટન્સ લર્નિંગ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર - ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર - ૬૮,૦૦૦/- | ઇન્દીરા ગાંધી, આંબેડકર ઓપન યુનિવર્સિટી |

૧. <u>વિદ્યાર્થીઓ માટે:-</u>

(૧) **પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal** વેબસાઇટ પર **citizen તરીકે Login** થઇ નવું રજીસ્ટ્રેશન આધાર નંબર, ઇ-મેઇલ આઇ.ડી. પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા **રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં E-mail ID ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું E-mail ID** ફરજીયાત છે. **રજીસ્ટ્રેશન થયા બાદ પુનઃ Login** કરી પ્રોફાઇલ્સ **Update** કરવાની રહેશે.

(૨) પ્રોફાઇલ્સ **Update** બાદ વિદ્યાર્થી જે જાતિના હોય, જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય, તેઓએ **Director Developing Caste Select** કરતાં **Online** થયેલી તમામ યોજનાઓ જોવા મળશે. ત્યારબાદ લાગુ પડતી યોજનાના ૧ થી ૪ **Tab**ના ફીલ્ડની તમામ માહિતીનું Online અરજી પત્રક ભરી Online જે તે યોજનામાં દર્શાવેલ જરૂરી સાધનિક કાગળો, દરેક વિદ્યાર્થીએ તેનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો **JPEG (*.jpg, *jpeg, *jpe)** ફોર્મેટમાં ૨૦૦ **Kb**થી ઓછી સાઈઝમાં અપલોડ કરવાના રહેશે. તમામ સાધનિક કાગળો, ફોટો **Upload** કરી, પૂરેપૂરૂ અરજી પત્રક ભરાયા બાદ ફાઇનલ કરી, **Submit** કરવાનું રહેશે. જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી જેવા કે આવક માટે મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્રની નકલ અપલોડ કરવાની રહેશે.

(3) પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે **Online** અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓએ સીધા **Login ID-PASSWARD** વડે જે તે લાગુ પડતી યોજનામાં હોય તે યોજનામાં અરજી કરવાની રહેશે.

(૪) તમામ વિદ્યાર્થીઓના નામની વિગતો સાથે આધાર નંબર અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી, તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્ક એકાઉન્ટ લીકીંગ (સીડીંગ) કરાવવાનું રહેશે. દરેક વિદ્યાર્થીદીઠ એક મોબાઇલ નંબર તથા એક ઇ-મેઇલ આઇ.ડી. યુઝ કરવા દેવામાં આવશે.

(૫) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત કર્મચારીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.

